આદિજાતિના યુવક યુવતીઓને ગુણવત્તાયુક્ત તાલીમ આપવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક : TDD/DSG/e-file/25/2024/0084/P

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા :**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:ટીએપી/૧૦૨૦૧૪/ન.બા.૧૯/ઘ.

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા.૧૫/૦૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક: D-SAG/HES/e-file/316/2022/0188/HIGH and SKILL.

**પ્રસ્તાવના:-**

રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં યુવક/યુવતીઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત કૌશલ્યવર્ધક તાલીમ યોજના હેઠળ પ્લાસ્ટીક એન્જિનિયરીંગ ક્ષેત્ર અને વિવિધ એન્જિનિયરીંગ ક્ષેત્ર અંગેની ઉચ્ચ ગુણવત્તાયુક્ત રોજગારલક્ષી તાલીમ આપીને તેઓને પગભર કરવાના હેતુસર આ વિભાગના તા.૨૮/૦૪/૨૦૧૫ના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી "હાઇ એન્ડ સ્કીલ તાલીમ યોજના" અમલમાં મૂકેલ છે. સદરહું યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫માં ટ્રેડ/કોર્ષ મંજુર કરવામાં આવેલ હતા, જેને ૦૮ વર્ષ જેટલો સમય વીતી ગયેલ હોઈ તેમજ સદરહું યોજનાનો વ્યાપ વધારવો જરૂરી હોઇ, નવા ટ્રેડ/કોર્ષ સામેલ કરવા તથા અન્ય સક્ષમ અને સારી સંસ્થાને પણ ઉક્ત યોજનામાં સામેલ કરવા જરૂરી જણાય છે. આથી, વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ), ગાંધીનગર દ્વારા આ યોજનાના ઠરાવમાં સુધારા-વધારા કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, આદિજાતિના યુવક યુવતીઓને ગુણવત્તાયુક્ત તાલીમ આપવા બાબતની હાઈ એન્ડ સ્કીલ યોજના અંગેના આ વિભાગના તા.૨૮/૦૪/૨૦૧૫ના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવમાં **યોજના અંતર્ગત તાલીમ આપનાર સંસ્થામાં** હયાત બે સંસ્થાઓ ઉપરાંત **ઇન્ટરનેશનલ ઓટોમોબાઇલ સેન્ટર ઓફ એક્સલન્સ (IACE) સંસ્થાનો ઉમેરો** કરવામાં આવે છે.

યોજનાના**લાભાર્થીઓની પસંદગી** અંતર્ગત **પેટા શરત નં.૪** "લાભાર્થી ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ / આઇટીઆઇ પાસ / ડીપ્લોમા / ડીગ્રી વગેરે લાયકાત ધરાવતા હોવા જોઇએ" રદ્દ કરી તેના સ્થાને **"યોજના હેઠળ ટ્રેડ/કોર્ષ મુજબની લાયકાત ધરાવતા લાભાર્થીને યોજનાનો લાભ આપવામાં આવશે"**તે મુજબનો સુધારો કરવામાં આવે છે. યોજના હેઠળ ટ્રેડ/કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી લઘુત્તમ શૈક્ષણિક લાયકાત આ સાથે સામેલ **પરિશિષ્ટ-અ** મુજબની રહેશે.

વધુમાં, યોજના અંતર્ગત**સીપેટના સમાવિષ્ટ કોર્ષ** પૈકી (1) Siemens NX CAD/CAM with Mould Design & Development (2) Computer Based Interactive Training on Injection Moulding Techniques (3) Programming & Operation of CNC Lathe Machine (4) Programming & Operation of CNC Milling Machine (5) Programming & Operation of CNC EDM Machine અને (6) Programming & Operation of CNC Wire – cut Machine ટ્રેડ/કોર્ષ **રદ્દ કરી તેના સ્થાને નવા ટ્રેડ/કોર્ષ** (1) Machine Operator - Tool Room (CPC/Q 5104) (2) Machine Operator & Programmer - CNC Milling (CPC/Q 7104) (3) Machine Operator - Injection Molding (CPC/Q 0204) (4) Machine Operator - Plastic Processing (CPC/Q 0104) **નો સમાવેશ કરવામાં આવે છે તથા ઇન્ટરનેશનલ ઓટોમોબાઇલ સેન્ટર ઓફ એક્સલન્સ (IACE) સંસ્થાના ટ્રેડ/કોર્ષ**(1) Intensive Programme in Automotive Manufacturing (2) Intensive Programme in Automotive Systems (3) Post Graduate Programme in Automotive systems (4) Post Graduate Programme in Auto manufacturing systems **નો પણ સમાવેશ કરવામાં આવે છે.**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે તથા તે મુજબ યોજનાની અમલવારી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DISHABEN RAJESHBHAI PATEL
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-Nov-2024 (06:11 PM)

દિશા પટેલ

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય અચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી(આ.વિ.), કમિશ્નરશ્રી આ.વિ.ની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- પ્રાયોજના વહીવટદારશ્રી તમામ (ડી-સેગની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સીલેક્ટ ફાઇલ.

**પરિશિષ્ટ-અ**

આદિજાતિના યુવક યુવતીઓને ગુણવત્તાયુક્ત તાલીમ આપવા બાબતની હાઈ એન્ડ સ્કીલ યોજનાના ટ્રેડ/કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે જરુરી લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે:

| **TRADE/COURSE OF CIPET** | | |
|---|---|---|
| **Sr.No** | **Name of the trade/course** | **Minimum Qualification** |
| 1 | Machine Operator Tool Room(CPC/Q 5104) | SSC Pass |
| 2 | Machine Operator & Programmer CNC Milling (CPC/Q 7104) | SSC Pass |
| 3 | Machine Operator - Injection Molding(CPC/Q 0204) | SSC Pass |
| 4 | Machine Operator - Plastic Processing(CPC/Q 0104) | SSC Pass |

| **TRADE/COURSE OF IACE** | | |
|---|---|---|
| **Sr.No** | **Name of the trade/course** | **Minimum Qualification** |
| 1 | Intensive Programme in Automative Manufacturing | ITI pass students |
| 2 | Intensive Programme for Automative Systems | ITI Fitter/Welder/Painter pass students |
| 3 | Post Graduate Programme in Automotive Systems | Diploma/ B. Tech pass-out & $6^{th}$ /$8^{th}$ Semester students only |
| 4 | Post Graduate Programme in Auto Manufacturing Systems | Diploma/B. Tech pass-out & 6th /$8^{th}$ Semester students only |

| **TRADE/COURSE OF IGTR** | | |
|---|---|---|
| **Sr.No** | **Name of the trade/course** | **Minimum Qualification** |
| 1 | Post Graduate in Tool Design and CAD/CAM (PGTDCC) | Degree in Mechanical/ Production/ Plastic /Automobile |
| 2 | Post Diploma in Tool Design & CAD/CAM (PDTDCC) | Degree/Diploma in Mechanical/ Production/ Tool & Dye/ Plastic |
| 3 | Post Diploma in CNC Machine Maintenance (PDCMM) | Degree/Diploma in Mechanical/ Production /Electrical/ Mechatronics |
| 4 | Post Diploma in Computer Aided Engineering (PDCAE) | Degree/Diploma in Mechanical/ Production /Electrical/ Electronics/ Mechatronics |
| 5 | Post Diploma in CAD/CAM (PDCC) | Degree/Diploma in Mechanical/ Production/Tool And Dye. |
| 6 | Certificate in CAM and CNC technology (M CCT) | Diploma in Mechanical/ Production/Tool and Dye /ITI with 2 years' Experience |
| 7 | CNC Machine Operator (CCM) | ITI in Turner/ Machinist/Fitter |
| 8 | Certificate Course in Tool Technology(CCTT) | SSC Pass |